# હળવદમાં ભરવાડો-દરબારો વચ્ચે અથડામણ : એકનું મોત

## તોફાનો બાદ અમદાવાદથી કચ્છ જતી બસો હળવદ પોલીસ સ્ટેશન પાસે જ રોકી દેવાઇ : ૩૫થી વધારે વાહનોને આગ લગાડાઇ, અંજપાભરી પરિસ્થિતિ

અમદાવાદ, તા.૧૩

સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ માર્કેટ યાર્ડ પાસે આજે બપોરે ભરવાડ અને દરબારો વચ્ચે થયેલા ધીંગાણા અને જૂથ અથડામણને પગલે સમગ્ર રાજયમાં ભારે ચકચાર મચી ગઇ હતી. હળવદ જીઆઇડીસી પાસે થયેલા એક ખાનગી ફાયરીંગમાં એક વ્યકિતનું મોત નીપજયુ હતું, જયારે ૧૮થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ જૂથ અથડામણના ઘેરા પ્રત્યાઘાત મોરબી, ધ્રાંગધ્રા સહિતના પંથકોમાં પણ પડયા હતા. અંદાજે ૧૫ બાઈકો સહિત ૩૫થી વધુ વાહનોને આગ લગાડવામાં આવતા પરિસ્થિતિએ જલદ સ્વરૂપ ધારણ કરતાં ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસને લાઠીચાર્જ કરવાની અને ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. ભારે જહેમત બાદ પરિસ્થિતિ કાબૂમાં આવી હતી. જો કે, સમગ્ર મોરબી, ધ્રાંગધ્રા, હળવદ સહિતના આસપાસના પંથકોમાં ભારે તંગદિલીભર્યુ વાતાવરણ છવાઈ ગયું હતું. મોડી સાંજે ગૃહરાજય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ બંને જૂથના લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. આ તોફાનોને પગલે અમદાવાદથી કચ્છ તરફ જતી બસોને હળવદ પોલીસ સ્ટેશન પાસે જ રોકી લેવાઈ હતી, જેના કારણે આશરે ૭૦૦ જેટલા મુસાફરો હળવદ પાસે ફસાઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતા અને સંવેદનશીલતાને જોતાં તંત્રએ મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા બંધ કરી હતી. હળવદમાં ભરવાડ સમાજ દ્વારા ઈનામ વિતરણનું કાર્યક્રમના આયોજન માટે જીઆઈડીસીમાં આવેલ ઠાકરધણીના મંદિર ખાતે મીટીંગ યોજાઈ હતી. દરમ્યાન ધ્રાંગધ્રા ખાતે આજે ઈન્દ્રસિંહ ઝાલાના બેસણામાં હાજરી આપી સૌરાષ્ટ્ર તરફ ક્ષત્રિય સમાજના લોકો કારના મોટા કાફલા સાથે જઈ રહ્યા હતા. ત્યારે હળવદ ઠાકરધણીના મંદિર પાસેથી પસાર થતાં તકરાર સર્જાઇ હતી અને જોતજોતામાં મામલો વણસ્યો હતો.

# રાજ્યના ૧૯૫ પી.એસ.આઇને પી.આઇ. તરીકે બઢતી અપાઈ

## ગાંધીનગર જીલ્લાનાં ૧૦ પી.એસ.આઇ. પ્રમોશન મેળવીને જીલ્લા બહાર મુકાયા

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજ્યનાં પોલીસ બેડામાંથી ૧૯૫ બિન હથિયારી પી.એસ.આઈને આજે પી.આઈ તરીકેનાં પ્રમોશન મળવા પામ્યા છે. ગાંધીનગર જીલ્લામાં ફરજ બજાવતા ૧૦ પી.એસ.આઈનો આ યાદીમાં સમાવેશ થાય છે. ગાંધીનગરથી ૧૦ પી.એસ.આઈ પ્રમોશન મેળવીને જીલ્લા બહાર મુકાયા છે જ્યારે વલસાડ જીલ્લામાંથી એક પી.એસ.આઈ પ્રમોશન મેળવીને ગાંધીનગર જીલ્લામાં મુકાયા છે.

રાજ્યનાં ૧૯૫ પી.એસ.આઈનેપ્રમોશન આપવામાં આવ્યા જેમાં ગાંધીનગર જીલ્લામાંથી ૧૦ પી.એસ.આઈને પી.આઈ તરીકે પ્રમોશન આપીને જીલ્લા બહાર મુકવામાં આવ્યા છે જેમાં એચ.એન.જાડેજાને ઈન્ટેલીજન્સમાં,પી.આર.મેટાલીયાને ભરુચમાં, આઈ.વી.રબારીને અમરેલીમાં, જે.બી.ચાવડાને એ.સી.બીમાં, એસ.એ.ચૌધરીને વડોદરા શહેરમાં, આર.એન.વાઘેલાને ઈન્ટેલીજન્સમાં, વી.એલ.બોડાણાને સી.આઈ.ડી ક્રાઈમમાં, ડી.એન.ઓઝાને અમદાવાદ શહેરમાં, જે.એન.ખાંટને બનાસકાંઠામાં અને આઈ.ટી.દેસાઈને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ વડોદરામાં મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત વલસાડ જીલ્લામાંથી એક પી.એસ.આઈ વી.એ.ડાભી પ્રમોશન મેળવીને ગાંધીનગર જીલ્લામાં મુકાયા છે.

## અમરનાથના મૃતક યાત્રાળુઓને રાજસ્થાની સમાજની શ્રદ્ધાંજલિ



કાશ્મીરમાં અમરનાથના યાત્રાળુઓ પર થયેલા હિચકારા હુમલાને પગલે જનમાનસમાં રોષની લાગણી ફાટી નિકળી છે. ગાંધીનગરમાં પ્રવાસી રાજસ્થાની સમાજના યુવા મિત્રમંડળ દ્વારા આંતકવાદી હુમલામાં માર્યા ગયેલા યાત્રાળુઓને શ્રદ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ સેક્ટર-૨૧ના શાકમાર્કેટના મુખ્ય દરવાજા પાસે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના તમામ વર્ગના સભ્યોએ, અગ્રણીઓએ તથા યુવાનોએ ભાગ લઈ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ૨ મિનિટનું મૌન પાળ્યા બાદ રામધૂન યોજવામાં આવી હતી.

# હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ એસો.માં જોડાવા યુવાનોને અપીલ

## રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલી ચીફ પેટ્રન : ૧૯ રાજ્યોમાં ૭ લાખથી વધુ સભ્યો કાર્યરત

માનવતા, દેશ અને સેવાધર્મ; આ ત્રણ મુખ્ય લક્ષ્ય સાથે રચાયેલ હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ એસોસિએશનને ગુજરાત સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી છે. માનનીય રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ આ એસોસિએશનના સ્ટેટ ચીફ પેટ્રન તરીકેનો હોદ્દો સંભાળવાની સંમતિ આપી છે.

રાજ્યના એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ અને હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ એસોસિએશનના નેશનલ કમિશનર અને સ્ટેટ ચીફ કમિશનર શ્રી અનિલ પ્રથમે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાએ આ સંગઠન ૧૯ રાજ્યોના ૧૭૨ જિલ્લાઓમાં સક્રિય રીતે સેવા કરી રહ્યું છે અને ૭ લાખથી વધુ સભ્યો કાર્યરત છે. એન.સી.સી., એન.એસ.એસ. રેડક્રોસ સોસાયટી, ઈકો કલબ, નહેરૂ યુવા કેન્દ્ર અને ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના સંકલનમાં રહીને વધુ સારી-સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાઈ રહી છે. હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ એસોસીએશનના સભ્યો પ્રધાનમંત્રીશ્રીના સ્વચ્છતા અભિયાન, ઈન્દ્રધનુષ, પાણીની જાળવણી, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. આ સંસ્થાને વર્લ્ડ ફેડરેશન ઓફ ઈન્ડિપેન્ડન્ટ સ્કાઉટ, જર્મનીનું જોડાણ પ્રાપ્ત છે.

શ્રી અનિલ પ્રથમે ગુજરાતના યુવાનોને હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડસમાં જોડાવાની અને રાજ્ય સરકારના વિભાગો, રાજ્યના યુવા સંગઠનો અને રાષ્ટ્રીય સંગઠનો સાથે મળીને સેવાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અપીલ કરી છે.

# યુનિસિટીની નવી સ્કીન કેર પ્રોડકટ નેઈજિન કોલેજન પ્લસ લોન્ચ

વૈશ્વિક રીતે જાણીતી યુનિસિટી ઈન્ટરનેશન દ્વારા પોતાની નવીન પ્રોડક્ટસ નેઈજિનનુ લોન્ચીંગ કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે ચીફ સાયન્સ ઓફિસર ડો ડેન ગુબલરે જણાંવ્યુ હતુ કે ભારતમાં સ્કીન કેર માટે ક્રાંતિકારી પ્રોડકટ લાઈનની રજુઆતની ઘોષણા દિલ્હીમાં કરવામાં આવી હતી. આજે ગાંધીનગરમાં સ્કીન કેર પ્રોડક્ટને મુકતા તેમણે જણાંવ્યુ હતુ કે નેઈજિન કોલેજન પ્લસ શરીરમાં સ્વસ્થ જનીન એક્સપ્રેશન જાળવવા માટે ડિઝાઈન કરાયેલા છે. જેના લીધે સુંદર અને યુવાન દેખાય તેવી ત્વચા બને છે. તે એક ઈનોવેટીવ પ્રોડકટ છે.પેટન્ટ પેન્ડીંગ ટેકનોલોજીના લીધે સ્વાભાવિક રીતે મળતા મેટોબોલાઈટસ શરીરમાં જરૂર પડે સ્વિચ ઓફ અને ઓન કરી શકે છે. અને સમગ્ર પણે મેટોબોલિક સ્વાસ્થયને જાળવવામાં પણ મદદ કરે છે. નેઈજિન કોલેજ પ્લસ પણ એક પ્રથમ વખતની ન્યુટ્રીકોસ્મેટીક પ્રોડકટ છે. નેઈજિન પ્લસ દ્વારા માછલી અને ભારતીય આર્યુવેદિક ત્રિફળા અર્ક આમલકી હરિતકી અન બીભિતકીમાંથી મેળવવામાં આવે છે. જેને બિલબરીના અર્ક સાથે ભેળવવામાં આવે છે. જે સ્કીનને સ્વચ્છ અને સુંદર બનાવામાં મદદરૂપ થાય છે. આ સાયન્સ આધારિત ઉત્પાદન છે.

## પ્રથમ ઓફિશ્યલ જર્સી ખુલ્લી મુકવા સાથે ટીમ ‘ગુજરાત ફોરચ્યુનજાયન્ટસ’ સ્ટાઈલથી આગળ ધપે છે

પ્રો કબડ્ડી લીગની પાંચમી સિઝનમાં રમનારી ગુજરાત રાજ્યની પોતાની સૌ પ્રથમ કબડ્ડી ટીમ ‘ગુજરાત ફોરચ્યુનજાયન્ટસ‘ ની ઓફિશ્યલ જર્સી એક ઝમકદાર સમારંભમાં ભારે આનંદ અને ઉત્સાહ વચ્ચે વિધીવત ખુલ્લી મુકવામાં આવી છે.

ભારતની પ્રસિધ્ધ ફ્રીસ્ટાઈલ કુસ્તીબાજ ગીતા ફોગટ ખાસ આ સમારંભમાં હાજરી આપવા માટે વિમાન પ્રવાસ કરીને આવી પહોંચી હતી. તેણે એસ.એ.આઈ, ગાંધીનગર ખાતેની તાલિમ શિબીરની મુલાકાત લીધી હતી અને ટીમ અને સપોર્ટ સ્ટાફ સાથે પરામર્શ કર્યો હતો. પ્રસિધ્ધ કુસ્તીબાજ ગીતાએ આગામી પ્રો કબડ્ડી લીગની સિઝન ૫ માટે ‘ગુજરાત ફોરચ્યુનજાયન્ટસ‘ના ખેલાડીઓને મહત્વની ફીટનેસ અને વર્કઆઉટ ટીપ આપી હતી. તેમણે ખેલાડીઓની ટકી રહેવાની શક્તિનુ સ્તર વધે તે માટે ફીટનેસ અને વર્કઆઉટનાં વિવિધ પાસાં અંગે વાત કરી હતી. પ્રો કબડ્ડી લીગની સિઝન ૫ના ‘ગુજરાત ફોરચ્યુનજાયન્ટસ‘ના ખેલાડીઓને માટે આ બાબત ખૂબજ ઉત્સાહ વધારનારી બાબત બની રહી હતી. આ પ્રસંગે કોપ્ટન, કોચ અને ટીમ સીઈઓ ઉપરાંત ટીમ માલિક અદાણી વિલ્મર લિમિટેડના મેનેજીંગ ડિરેકટર શ્રી પ્રણવ અદાણી તથા ચિફ ઓપરેટીંગ ઓફિસર શ્રી અંગશુ મલિક જેવા ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કામુકતા, લૈંગિક અને પ્રજનનલક્ષી આરોગ્યની સાથે સાથે બાળકો અને નબળાપુખ્તો માટે સુરક્ષા નીતિ અંગેની સમજ માટે એક સપ્તાહનો તાલિમ કાર્યકમ

સેન્સ ઈન્ડિયા દ્વારાઅંધબધીરો માટે કામુકતા, લૈંગિક અને પ્રજનનલક્ષી આરોગ્યની સાથે સાથે બાળકો અને નબળા પુખ્તો માટેસુરક્ષા નીતિ અંગેની સમજ માટે સ્પેશ્યલ એજ્યુકેટર્સ અને કેર ગીવર્સ દ્વારા તા.૧૦ થી ૧૫ જુલાઈ દરમ્યાન અમદાવાદમાં એક સપ્તાહનો તાલિમ કાર્યક્રમયોજવામાં આવ્યો છે. એમાં નબળા અંધબધિર પુખ્ત વર્ગની સુરક્ષા માટેની નીતિ અંગે પણ ચર્ચા થશે.

સેન્સ ઈન્ડિયા દ્રઢપણે માને છે કે અંધબધિર લોકોને એકંદર લૈંગિક અને પ્રજનનલક્ષી આરોગ્ય અંગે તાલિમ અને સપોર્ટ પૂરો પાડવાની જરૂર છે. માતા-પિતા અને શિક્ષકો ઘણીવાર તેમના બાળકો તથા યુવા પુખ્તો સાથે લૈંગિકતાઅને પ્રજનનલક્ષી આરોગ્યની બાબત સંવેદનશીલ હોવાથી તે પડકાર અનુભવતા હોય છે.

અંધબધિરોની સંવાદની અનોખી પધ્ધતિ હોય છે અને અન્ય સાથે આ બાબત ચર્ચવાનું તેમના માટે આસાન હોતુ નથી. દ્રષ્ટી અને શ્રવણ શક્તિ ધરાવતા પોતાની સંબંધિત જરૂરિયાતો અને ખાનગી બાબતોની અભિવ્યક્તિ કરી શકે છે, જ્યારે અંધબધીર વ્યક્તિઓ માટે આ બાબતે સંવાદ કરવાનુ આસાન હોતુ નથી. તેનાથી સામાજીક લાગણીલક્ષી અને લૈંગિક દુરૂપયોગના કિસ્સા વધતા હોય છે.


માહિતીના અભાવને કારણે તેમના માટે તેમના શારીરિક ફેરફારો અને તેની પાછળના કારણો સમજવાનું મુશ્કેલ બનતું હોય છે. આ કારણે ઘણીવાર તેમના માટે લૈંગિકતા અને પ્રજનનલક્ષિતાઓ અંગે સમસ્યાઓ ઉભી થતી હોય છે. આ કારણે ઘણીવાર સમાજમાં સ્વિકાર્ય બને નહીં તેવી સ્થિતિ અને મુદ્દાઓ તેમના જીવનમાં ઉભા થતા હોય છે. આ એક એવો દેશ કે જ્યાં લોકો લૈંગિક બાબતો અંગે ચર્ચા કરવામાં સાહજીક બની શકતા નથી અને આ બાબત સાથે ઘણી ગેરમાન્યતાઓ અને કલંકને સાંકળવામાં આવે છે. અંધબધિર પુખ્ત લોકોને તેમના શારીરિક વલણો અને ફેરફારો અંગે સમય જતાં સમજ આપવી આવશ્યક બનતી હોય છે.

# વાહનોમાં નંબર પ્લેટ લગાવવા ચાલતી ઉઘાડી લૂંટ બંધ કરો : ડૉ. હિમાંશુ પટેલ

ભાજપ સરકારના વ્યાપક ખાયકી કરતાં આરટીઓ વિભાગ દ્વારા વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા માટે શામ, દામ, દંડની નીતિ અપનાવી ગ્રાહકો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે સંબંધીત કંપનીનો કોન્ટ્રાકટ રદ કરી સમગ્ર કૌભાંડની તપાસ કરાવવા સાથે આર.ટી.ઓ. પ્રિમાઈસીસમાં જ ફિક્સ ચાર્જથી નંબર પ્લેટ લગાવવાની માંગ કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો છે કે, રાજ્યના નાગરિકોને તેમનાં વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ (એચ.એસ.આર.પી.) લગાવવા માટે આરટીઓ વિભાગ દ્વારા ખૂલ્લેઆમ લૂંટવામાં આવી રહ્યા છે તે તાત્કાલિક બંધ કરવું જાઈએ. રાજ્યના આર.ટી.ઓ. વિભાગે એક કંપની સાથે એચ.એસ.આર.પી. લગાવવા લાખો રૂપિયાનાં કરાર કરેલાં છે. જેમાં આર.ટી.ઓ. પ્રિમાઈસીસમાં જ ફોર વ્હીલર માટે રૂ. ૪૦૦ તથા ટુ વ્હીલર માટે રૂ. ૧૪૦નાં ફિક્સ ચાર્જથી એચ.એસ.આર.પી. લગાવવાની હોય છે. પરંતુ તાજેતરમાં જ આ કંપની તેમજ આર.ટી.ઓ.નાં કેટલાંક ઉચ્ચ અધિકારીઓની મિલીભગતથી પરિપત્ર કરીને ગ્રાહકો સાથે ઉઘાડી લૂંટ શરૂ કરવામાં આવી છે. આર.ટી.ઓ. વિભાગે નિયમ વિરુદ્ધ પ્રિમાઈસીસનાં બદલે ડીલર્સને ત્યાં નંબર પ્લેટ લગાવવાની છુટ આપી ઘણાં જોખમો પણ ઉભા કર્યા છે.

આર.ટી.ઓ. દ્વારા શામ, દામ, દંડની નીતિ અપનાવી નંબર પ્લેટ લગાવવાની કામગીરી નહીં કરનાર ડીલર્સનાં ટીસી નંબર રદ કરવાની ચેતવણી આપી પાસીંગ માટે પણ મુશ્કેલી ઊભી કરી છે. જ્યારે ડીલર્સ દ્વારા ફોર વ્હીલરમાં રૂ. ૪૦૦ ઉપરાંત રૂ. ૧૫૦, ટેક્ષ તેમજ રૂ. ૫૦૦ થી ૧૦૦૦ સુધીનો ચાર્જ વસૂલ કરવામાં આવે છે. ટુ વ્હીલરમાં રૂ.૧૪૦ ઉપરાંત રૂ. ૮૯, ટેક્ષ અને રૂ. ૫૦૦ સુધીનાં ચાર્જની વસુલાત કરવામાં આવે છે. રાજ્યમાં દરરોજ ૫૦ હજાર કરતાં વધારે વાહનોનું રજીસ્ટ્રેશન થતું હોવાથી ડીલર્સ ઉપરાંત ગ્રાહકોને તેનાથી ઉઘાડી લૂંટ સાથે ભારે પરેશાની વેઠવી પડી રહી છે. જેમાં ડીલર્સ જગ્યા, મશીન, મેઈન્ટેનન્સ, માણસોનાં પગારની જવાબદારી હોવાનું જણાવી ગ્રાહકોને ખંખેરી રહ્યા છે.




## પ્રચંડ પુરથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાલા લખીમપુર જિલ્લામાં ત્રણ લાખથી વધારે લોકો પુરના સકંજામાં આવી ગયા છે. છેલ્લા બે દિવસથી વરસાદ રોકાઈ ગયો હોવા છતાં સ્થિતીમાં હજુ સુધી સુધારો થઈ રહ્યો નથી. તમામ મોટી નદીઓ અને તેમની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. આસામમાં પુરની અસર હવે માનવીની સાથે સાથે પ્રાણીઓ પર જોવા મળે છે. ગેન્ડા માટે લોકપ્રિય કાજીરંગા નેશનલ પાર્ક પાણીમાં ડુબી જતા ગેન્ડા જાહેર રસ્તામાં આવી ગયા છે. કાજીરંગા નેશનલ પાર્કના ૭૫ ટકા વિસ્તારમાં પુરના પાણી ફરી વળ્યા છે. ભારે પાણી ભરાઈ જવાના કારણે અનેક વિસ્તારોમાં તો લોકોને છત પર આશ્રય લેવાની ફરજ પડી રહી છે. મોતનો આંકડો વધીને હવે ૪૭ ઉપર પહોંચી ગયો છે. કુલ ૧૭.૨ લાખ લોકોને અસર થઈ છે. પુરની સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હજુ સ્થિતીમાં સુધારો થયા તેવી શક્યતા નહીવંત દેખાઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકામાં જુદા જુદા બનાવોમાં પાંચ લોકોના મોત થયા છે. ૩૧ હાજાર લોકો માટે ૨૯૪ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં પુરના કારણે હાલત કફોડી બનેલી છે. વરસાદના લીધે લોકપ્રિય કાજીરંગા નેશનલ પાર્કમાં પાણી ભરાઈ ગયા છે. બ્રહ્મપુત્ર, બરાક અને સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. મોનસુન આફત તરીકે રહેતા હાલત કફોડી બનેલી છે. પુરના પાણીથી ગેંડાઓ જાહેર રસ્તાઓ ઉપર આવી ગયા છે. સુરક્ષિત જગ્યાઓ જુદા જુદા પ્રાણીઓ શોધી રહ્યા છે. કાજીરંગા નેશનલ પાર્કમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. આસામમાં પુરની સ્થિતી ગંભીર બનેલી છે. મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને હવે ૪૬ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે ૨૪ જિલ્લાના ૧૭ લાખથી વધારે લોકોને પુરની અસર થઈ છે.

## જાગૃતિ અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયેલી એન્ટી લારવેલની કામગીરીને પગલે આગામી દિવસોમાં કેસો ઓછા મળશે તેવુ ચિત્ર હાલ ઉપસી રહ્યું છે. જો કે તંત્ર દ્વારા સર્વેલન્સ વધુ સઘન બનાવવામાં આવ્યુ છે. તંત્રની ટીમો પણ એન્ટી લારવેલની કામગીરીની સાથે સાથે મેલેરિયા વિરોધી જનજાગૃતિ રાખવાની ટીપ્સ પણ આપી એક અનોખુ અભિયાન ચલાવી રહ્યાનું જાણવા મળેલ છે.

કેટલાક ગામોમાં તો મેલેરિયા વિરોધી બાળરેલીઓ પણ યોજાઈ હોવાના અહેવાલો સાંપડ્યા છે.

## અંધારપટ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધ્ધરતાલ હોય તેવી સ્થિતિ છે. એકબાજુ સેકટરોમાં રહીશોની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઘનઘોર અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. શહેરના નવ વિકસિત વિસ્તારમાં મોટાભાગની લાઈટો ડુલ છે. જયારે બીજીતરફ નગરના મુખ્ય માર્ગો પર ધોળાદિવસે પણ લાઈટો ચાલુ રહેતા નાગરિકોમાં આક્રોશ પ્રબળ બન્યો છે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અમલ બાદ વિજબીલના બચત થશે તેવી પ્રબળ આશ વચ્ચે સેકટરોમાં અજવાળુ પથરાવાનુ જ બંધ થઈ ગયુ છે. વરસાદી ઋતુમાં સેકટરોમાં છાશવારે લાઈટો ડુલ રહેતા રહીશો પણ તોબા પોકારી ગયા છે. નાગરિકોની સલામતી સામે પણ સવાલો મંડરાયા છે. જવાબદરા તંત્ર પણ હેલ્પલાઈન કાર્યરત હોવાની વાતો કરી હાથ ઉંચા કરી લે છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના મામલે રહીશોની ફરિયાદોનુ ઝડપથી નિરાકરણ આવતુ નથી. વારંવાર લાઈટો ડુલ થવાનો સિલસિલો યથાવત છે.

## મચ્છરના બ્રિડીંગ...

● ત્રીજા પાનાનું ચાલુ

જેમાંથી ઈન્દ્રોડાના એક પુરૂષને મેલેરિયા પોઝીટીવ જણાઈ આવેલ છે. તંત્રના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં ૪૨,૧૭૦ મકાનોને અત્યાર સુધીમાં સર્વેલન્સ હેઠળ આવરી લેવાયા છે. જેમાં ૨૦૭૭ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં ૬૪૪૩ જેટલા ખાડા-ખાબોચિયામાં વરસાદી પાણી ભરાઈ રહેતાં તેમાં ઓઈલનો છંટકાવ કરવામાં આવ્યો છે. સર્વેલન્સ દરમ્યાન ૪૭ શાળાઓને પણ આવરી લેવામાં આવી છે.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

જોઈએ કે બને એટલી પેટ્રોલની બચત કરવી જોઈએ. સાઈકલ અથવા તો પગ વડે જેટલું થાય એટલું કરવું જોઈએ. ઘરમાં પણ બહેનોને એક ટેવ પડી ગઈ છે અથવા તો એક ફેશન થઈ ગઈ છે કે કપડાં - વાસણ - કચરો અને રસોઈ એ જાતે બનાવે જ નહીં. એના માટે માણસો રોકવા અને માણસો જ ઘરમાં કામ કરે. આપણે તો બસ એસી - ટી.વી.ની સ્વીચ ચાલુ કરી નક્કામી સિરિયલો જોયા કરવી. નવી - નવી ગંદકી મનમાં નાખ્યા કરવાનું અને એ પ્રમાણે વર્તવા માટે પ્રયત્ન કરવો. આજે પતિ - પત્નિ અને વો ની જાણે ફેશન શરૂ થઈ છે. ઘરમાં પત્નિ હોય અને બહાર કોક બીજા હોય. આ ત્રિકોણ હવે સમાજમાં વધતા જ જાય છે એનું કારણ છે ટી.વી.માં દેખાતી સિરિયલ. આ બંધ કરી ઘરમાં બહેનો જો કચરા - પોતા - વાસણ - રસોઈ જો જાતે બનાવવાનું શરૂ કરે અને પુરુષો પણ એમાં મદદ કરે તો શરીરના મોટા ભાગના રોગ થાય જ નહીં. આ તો થઈ અત્યારના સમાજની વાતો. પણ યોગમાં એવું શું થાય છે કે જેનાથી બધા જ રોગો મટી જાય છે. સૂરી સાહેબ કહે છે કે યોગમાં યોગ કરવાથી તમારા બધા જ અંગોને ઓક્સિજન એટલે કે પ્રાણવાયુ તાજો મળે છે, લોહીનું ભ્રમણ ઝડપી બને છે, શરીરના બાહ્ય અને અંદરના ન જોઈ શકાય એવા અંગોને કસરત અને પ્રાણવાયુ મળે છે. જેના લીધે જુનો કચરો નીકળી જાય છે અને નવી શક્તિનો સંચાર થાય છે અને ત્યાં થયેલો રોગ ધીમે ધીમે મટી જાય છે. એવું કહેવાય છે કે જે મનુષ્યનું આંતરડુ રોજ સાફ ન થતું હોય એટલે કે કબજીયાત રહેતી હોય તે રોગનું મૂળ છે. એના માટે યોગ કસરત બહુ જ જરૂરી છે. માટે મફતમાં મળતી દવા યોગ એ કરવો જ રહ્યો. આવતા અંકથી સૂરી સાહેબ આપણને કેટલા રોગમાં કયા કયા આશન કરવા જોઈએ તેની સમજ આપવા પ્રયત્ન કરશે. જે પ્રયત્ન અમે તમને બતાવીશું. જેનાથી કદાચ અમે સમાજની થોડી સેવા કરી શકીશું.